# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# KRUSHI SAHAY

રાજ્યના વાવ-થરાદ, પાટણ, કચ્છ, પંચમહાલ અને જૂનાગઢ જિલ્લામાં પિયત અને બિનપિયત બંનેમાં એક સમાન કૃષિ સહાય અપાશે.

સત્તાવાર યાદીમાં જણાવ્યાઅનુસાર વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ કરેલી રજૂઆતને પગલે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, પિયત અને બિનપિયત બંને પાકોમાં ખેડૂતોને 22 હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવશે. આ પાંચ જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતો માટે આજથી કૃષિ રાહત પેકેજ પોર્ટલ ખુલ્લું મૂકાયુ છે. ખેડૂતો પોતાના ગામના VCE/VLEના માધ્યમથી આગામી 15 દિવસ સુધી સહાય માટે પોર્ટલ પર અરજી કરી શકશે.

. . . . . . . . . . . . .

# GUJARAT CHECKING

**દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કારમાં થયેલા વિસ્ફોટ બાદ રાજ્ય પોલીસ દ્વારા વિવિધ જિલ્લામાં તપાસ કરવામાં આવી રહી છે. પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરમાં પણ સઘન તપાસ હાથ ધરાઈ છે. બનાસકાંઠામાં શક્તિપીઠ અંબાજી મંદિર, અમીરગઢ ચેક પોસ્ટ, અને વાવ થરાદ જિલ્લામાં આવેલ ચેકપોસ્ટ પર પણ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવાઇ છે. ગાંધીનગરમાં સચિવાલયમાં સરકારી અને ખાનગી તમામ વાહનોની તપાસ કરવામાં આવી**

**રહી છે.** અરવલ્લી જિલ્લામાં હાથ ધરાયેલા ચેકિંગ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ : અંકિત ચૌહાણ)

દરમિયાન દ્વારકાધીશ મંદિરની પણ સુરક્ષા વધારાઈ છે. મંદિર પરિસરમાં વિવિધ ચીજ વસ્તુ લાવવા પ્રતિબંધ લગાવાયો છે. મરીન પોલીસ અને તટરક્ષકને સક્રિય કરી દરિયાઈ સુરક્ષા પણ વધારવામાં આવી છે. **ભાવનગરમાં પણ SOG, ત્વરિત પ્રતિભાવ દળ -QRT, ડૉગ સ્ક્વોડની ટીમ તેમજ થાણા અધિકારીની વિવિધ ટુકડી દ્વારા સંવેદનશીલ વિસ્તારો તેમજ અન્ય સ્થળો ઉપર સ્નિફર ડૉગ દ્વારા સઘન તપાસ હાથ ધરાઈ. પંચમહાલ તેમજ મોરબીમાં વિવિધ હૉટેલમાં અને આવતા-જતા વાહનોની તપાસ કરવામાં આવી રહી છે.**

. . . . . . . . . . . . .

# TAPI GOVERNOR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આજે તાપી જિલ્લાના ઉચ્છલમાં પ્રાકૃતિક કૃષિ તાલીમ કેન્દ્ર નવનિર્માણધીન સમારોહમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે તેમણે પ્રાકૃતિક ખેતીના ફાયદા અંગે માહિતી આપી હતી. શ્રી દેવવ્રતે કહ્યું રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનું અભિયાન પૂરજોશમાં હાથ ધરાયું છે. તેમાં કૃષિ વિભાગના આત્મા પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતોને તાલીમ આપવામાં આવે છે.

(બાઈટ: આચાર્ય દેવવ્રત – રાજ્યપાલ)

. . . . . . . . . . . . . .

# PM JAN MAN

પીએમ જનમનના અમલીકરણમાં ગુજરાતે  સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો  છે.

દેશના 18 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશમાં વસતા 75 ખાસ નબળા આદિજાતિ જૂથોનો સર્વાંગી સામાજિક-આર્થિક વિકાસ સુનિશ્ચિત કરવા માટે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ 15 નવેમ્બર, 2023ના રોજ ‘જનજાતીય ગૌરવ દિવસ’ નિમિત્તે પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન પીએમ જનમન મિશનનો પ્રારંભ કર્યો હતો.

આ મિશનનો ઉદ્દેશ નિશ્ચિત સમયમર્યાદામાં ખાસ નબળા આદિજાતિ જૂથોને આરોગ્ય, શિક્ષણ, માળખાગત સુવિધાઓ, પાણી, વીજળી, આજીવિકા અને જોડાણ જેવી પાયાની સુવિધાઓ પૂરી પાડીને તેમનું સામાજિક ઉત્થાન કરવાનો છે. રાજ્યમાં આવા 5 ખાસ નબળા આદિજાતિ જૂથો વસે છે, જેમાં કાથોડી, કોટવાળિયા, પઢાર, સિદ્દી અને કોલઘા જૂથોનો સમાવેશ થાય છે. આવા જૂથોને ખૂટતી પાયાની સુવિધાઓની પૂર્તિ કરવા માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે.

. . . . . . . . . . . . . .

# SAKHI NEER

ગાંધીનગરના નવા સચિવાલયમાં મહિલા મંડળ સંચાલિત સ્વદેશી ‘સખી નીર’ બ્રાન્ડ દ્વારા અંદાજે એક લાખ 20 હજાર જેટલી પાણીની કાચની બોટલનું વેચાણ કરાયું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે પ્રતિ બોટલ 7 રૂપિયાના દરે ચાર મહિનામાં 11 લાખ રૂપિયાથી વધુની બોટલનું પાણીનું વેચાણ કરવામાં આવ્યું છે. સચિવાલયમાં શરૂ કરાયેલા આ પ્લાન્ટમાં ગાંધીનગર જિલ્લાની સખી મંડળની છ બહેનોને રોજગારી આપવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . .

# MEHSANA- MATDAR YADI SUDHARNA

મહેસાણા જિલ્લામાં સાત વિધાનસભાના ક્ષેત્રમાં મતદાર યાદી સુધારણાની કામગીરી શરૂ કરાઇ છે. જિલ્લાના 17 લાખથી વધુ મતદારો માટે 1,810 બુથ લેવલ ઓફિસરો આ કામગીરીમાં જોડાયા છે. 9 લાખથી વધુ ફોમનું  વિતરણ કરાઈ ગયું છે અને 50 ટકા કામગીરી થઈ ચૂકી છે. જિલ્લાના કડી તાલુકામાં સૌથી વધુ 81 ટકા કામગીરી થઈ ગઈ છે.

. . . . . . . . . . . . .

# PASHU RASIKARAN

મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત પશુઓમાં ખરવા મોવાસાના રોગ સામે રક્ષણ આપવા માટે રસીકરણ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. રસીકરણના સાતમા રાઉન્ડ માં 6 લાખ 58 હજાર કરતા વધુ પશુઓને રસીકરણ કરાયું છે.

. . . . . . . . . . . . .